શ્રી. કુ. પી.એમ.પટેલ, કર્મચારી વળતર ધારા હેઠળના કમિશ્નરશ્રી, મજુર અદાલત, સુરત.

વકો(ફેટલ) અ.નં. ૧૧/૨૦૧૩
આંક-૪૮

અરજદાર :- (૧) મધુબેન તે શૈલેષભાઈ કલ્યાણભાઈ ગોરસીયાની વિધવા
ઉં.વ.આ. પુખ્ત, ધંધો ઘરકામ,
રહેવાસી- ૧૪૩, અમીધારા સોસાયટી, નાના વરાછા,
સુરત
(૨) સગીર પરાગકુમાર શૈલેષભાઈ ગોરસીયા
રહેવાસી- અરજદાર નં.૧ મુજબ
(૩) સગીર આશ્રયકુમાર શૈલેષભાઈ ગોરસીયા
રહેવાસી- અરજદાર નં.૧ મુજબ
(સગીર અરજદાર નં. ૨ તથા ૩ ના વાલી તેમજ ઈષ્ટ મિત્ર
અરજદાર નં. ૧)
(૪) કલ્યાણભાઈ ગંગાદાસભાઈ ગોરસીયા
ઉં.વ.આ. પુખ્ત, ધંધો નિવૃત્ત,
રહેવાસી- અરજદાર નં.૧ મુજબ
(૫) શાંતાબેન કલ્યાણભાઈ ગોરસીયા
ઉં.વ.આ. પુખ્ત, ધંધો ઘરકામ,
રહેવાસી- અરજદાર નં.૧ મુજબ

વિરુઘ્ધ

સામાવાળા :- (૧) ડી.ટી.એસ. ઈન્ટરનેશનલ.
ઠેકાણું - ૭૪૪, ૭મા માળે, ગોલ્ડન પોઈન્ટ,
ફાલસા વાડી, રીંગ રોડ, સુરત.
(૨) સંજયભાઈ રૈયાભાઈ સોરઠીયા તે ડી.ટી.એસ.
ઈન્ટરનેશનલના મેનેજીંગ પાર્ટનર/વહીવટકર્તા/માલિક
ગોપીનાથ સોસાયટી, લજામણી ચોક,મોટા વરાછા, સુરત.

અરજદાર તરફે- વિ.વ.શ્રી એચ.એમ.દેસાઈ.
સામાવાળા તરફે- વિ.વ.શ્રી.એમ.સી.જોષી.

: <u>ચુકાદો</u> :

૧. અરજદારોએ હાલની અરજી શૈલેષભાઈ કલ્યાણભાઈ ગોરસીયા જે મીકેનીકલ તરીકે આ કામના સામાવાળાને ત્યાં નોકરીની ફરજ બજાવતા હતા અને નોકરીના સમય દરમિયાન તા.૨/૦૩/૧૩ ના રોજ થયેલ અકસ્માત અને તેને કારણ થયેલ ઈજાના કારણે મૃત્યુ પામેલ તેના વળતરના નાણાં મેળવવા આ કામના અરજદારોએ કે જેઓ મરણ જનારના આશ્રિત હોઈ આ અરજી કરેલ છે.

મરણ જનાર શૈલેષભાઈ સામાવાળા નં. ૧ ને ત્યાં મીકેનીકલ તરીકેની ફરજો ૩ વર્ષથી કાયમી કામદાર તરીકે બજાવતા હતા અને સામાવાળાને ત્યાં કામદાર માલિકનો સબંધ હતો. સામાવાળા નં. ૧ એ ફર્મ છે અને સામાવાળા નં. ૨ તેના માલિક/વહીવટકર્તા/ભાગીદાર છે અને તેઓ મશીનરી ફીટીંગ કરવાના કોન્ટ્રાકટ લે છે અને ફીટીંગ કરવા માટે માણસો રાખે છે. મરણજનાર શૈલેષભાઈને આ રીતે કામ કરવા માટે સામાવાળાઓએ રાખેલા અને સામાવાળા જયાં કોન્ટ્રાકટ રાખે ત્યાં મશીનરી ફીટીંગ માટે સામાવાળાની સીધી સુચના, દોરવણી, સુપરવીઝન અને કન્ટ્રોલમાં કામગીરી કરતા હતા અને માસિક રૂા.૩૦,૦૦૦/– વેતન મેળવતા હતા.

તા.૨/૦૩/૧૩ ના રોજ આ કામના સામાવાળાઓએ નોકરીની ફરજ માટે મરણજનાર શૈલેષભાઈને રાજસ્થાનમાં ગામ કરવાષ કોતપૂટલી, જી. જયપુર મુકામે લુબોક એલ.એલ.પી. કંપનીમાં મશીનરી ફીટ કરવાની કામગીરી સોંપેલ અને કામગીરી કરતા હતા તે દરમિયાન ફેકટરીમાં શેડ ઉપર પતરા નાંખવાનું કામ ચાલતુ હતું અને નીચે શૈલેષભાઈ મશીનરી ફીટીંગ નું કામ કરતા હતા તે વખતે ઉપરથી લોખંડનો સળિયો શૈલેષભાઈના માથા ઉપર પડતા શૈલેષ ભાઈને ગંભીર ઈજા થયેલ અને શૈલેષભાઈનું ઘટના સ્થળે મોત થયું. જે બનાવ અંગે કોતપૂટલી, જી. જયપુર રાજસ્થાન પોલીસ સ્ટેશનમાં એન્ટ્રી નં. ૧ ૦૭/૧૩ તા.૩/૦૩/૧૩ થી સી.આર.પી.સી.ની કલમ–૧૭૪ મુજબ ગુનો નોંધાયેલ અને પોલીસ કાર્યવાહી કરી લાશનો કબજો લઈ પોસ્ર્ટ મોર્ટમ કરાવી અંતિમ ક્રિયા માટે મોકલી આપી. આમ, મરણજનાર શૈલેષ ભાઈ સામાવાળાની નોકરીની ફરજ બજાવતા દરમિયાન ઈજા થતા મૃત્યુ પામેલ છે. આથી સામાવાળા માલિક વળતર ચૂકવી આપવા માટે કાયદેસર રીતે જવાબદાર છે.

અકસ્માત વખતે મરણજનાર શૈલેષભાઈનો પગાર માસિક રૂા.૩૦,૦૦૦/– હતો અને એમની ઉંમર ૪૧ વર્ષ હતી અને પગારની વધુમાં વધુ મર્યાદાને ધ્યાનમાં લેતા રૂા.૮,૦૦૦/– ગણી શીડયુલ–૪, કલમ–૪ ની જોગવાઈને ધ્યાનમાં લેતા સામાવાળા રૂા.૭,૨૫,૭૩૦/– વળતરના તથા રૂા.૫,૦૦૦/– ફયુનરલના ખર્ચ પેટે તથા કામદાર

વળતર ધારાની કલમ–૪(એ) મુજબ ૫૦% દંડની રકમ અકસ્માત તારીખથી ૧૨% વ્યાજ સાથે ચૂકવી આપવા જવાબદાર છે.

અરજદાર નં. ૧ મરણ જનારની વિધવા પત્ની, અરજદાર નં. ૨ અને ૩ સગીર સંતાનો અને અરજદાર નં. ૪ અને ૫ માતા પિતા છે અને તેઓ મરણ જનારની આવકમાંથી ભરણ પોષણ મેળવતા હતા આથી કલમ–૨(૧)(ડી) મુજબના આશ્રીત છે. આથી મૃત્યુ વળતરના રૂા.૭,૨૫,૪૮૦/– અકસ્માત તારીખથી ૧૨% વ્યાજ અને ૫૦% દંડ તેમજ રૂા.૫,૦૦૦/–ફયુનરલ ખર્ચના ચૂકવી આપવા હુકમ મેળવવા હાલની અરજી કરેલ છે.

૨. સામાવાળાને નોટીસ કરતા સામાવાળા નં. ૧ અને ર તરફે **આંક–૬** થી વકીલ પત્ર રજુ થયેલ છે અને **આંક–૯** થી અરજીનો જવાબ રજુ કરેલ છે. તેમાં જણાવેલ છે કે, અમારી સંસ્થાનું નામ ડી.ટી.એસ. ઈન્ટરનેશનલ ઈમ્પોર્ટ એન્ડ એકસ્પોર્ટ નથી પરંતુ સામાવાળા નં. ૨ ઉપર સંજયભાઈનું નામ દર્શાવેલ હોવાથી વાંધા સાથે જવાબ રજુ કરેલ છે. જવાબની હકીકતમાં જણાવેલ છે કે, આ કામના સામાવાળા સાથે મરણ જનારને કામદાર માલિકનો સબંધ હતો નહીં. અમારી સંસ્થાનું નામ ડી.ટી.એસ. ઈન્ટરનેશનલ છે જેની વિરુધ્ધ આ અરજી કરવામાં આવેલ નથી. અરજદારે જે તે સમયે વકીલ મારફતે નોટીસ આપેલ તેનો વિગતવાર જવાબ પણ આપેલ હતો. સામાવાળાએ લુબોક એલ.એલ.પી. નામની કંપનીને કોઈ કોન્ટ્રાકટ આપેલ નથી કે મરણજનાર શૈલેષભાઈને કોઈ કામગીરી સોપેંલ નથી. આથી અરજદારોની હાલની અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

૩.ઉપરોકત રજુ થયેલ અરજી તથા જવાબને ધ્યાને લેતા નીચે મુજબના મુદ્દા આંક–૧૯ થી પુરોગામી વિધ્વાન ન્યાયાધિશશ્રી ધ્વારા મુકરર કરવામાં આવેલ છે.

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે, ગુજરનાર શૈલેષભાઈ કલ્યાણભાઈ ગોરસીયા સામાવાળા સંસ્થામાં તેમના કામદાર તરીકે ફરજ બજાવતા હતા?

(૨) શું અરજદાર પુરવાર કરે છે કે, ગુજરનાર શૈલેષભાઈ કલ્યાણભાઈ ગોરસીયાને થયેલ અકસ્માત અને પરિણામે મૃત્યુ તેમની ફરજ દરમિયાન નોકરીના ભાગરુપે થયેલ?

(૩) અરજદાર ગુજરનાર શૈલેષભાઈ કલ્યાણ ભાઈ ગોરસીયાની ઉંમર અકસ્માત સમયે અને તેમનો માસિક પગાર શું પુરવાર કરે છે?

(૪) શું અરજદાર પુરવાર કરે છે કે, તે સામાવાળા પાસેથી અરજીમાં માંગેલ વળતરની રકમ વ્યાજ સાથે ચૂકવવા જવાબદાર ઠરે છે?

(૫) શું અરજદાર પુરવાર કરે છે કે, તે સામાવાળા પાસેથી પેનલ્ટીની રકમ મેળવવા હકકદાર છે?

(૬) શું અરજદાર પુરવાર કરે છે કે, તે સામાવાળા પાસેથી ફયુનરલની રકમ મેળવવા હકકદાર છે?

(૭) શો હુકમ?

૪. <u>અરજદાર તરફે મૌખિક પુરાવા :–</u>

આંક–૨૧ થી મધુબેન શૈલેષભાઈ ગોરસીયાનું પુરાવાનું સોગંદનામું.

૫. <u>અરજદાર તરફે દસ્તાવેજી પુરાવા:–</u>

અરજદાર તરફે આંક–૩ ના લીસ્ટથી રજુ કરેલ દસ્તાવેજી પુરાવા :

અ.ક્ર.નં.	વિગત	આંક	તારીખ
૧	સામાવાળાએ કલમ–૧૦ ની નોટીસનો આપેલ જવાબની નકલ.	૨૩	
૨	અકસ્માત અંગેના મૃત્યુ રીપોર્ટની પ્રમાણિત નકલ.	૨૪	
૩	મરહુમના ઈન્કવેસ્ટ પંચનામાની પ્રમાણિત નકલ.	૨૫	
૪.	મરહુમના પોસ્ટમોર્ટમની રીપોર્ટની પ્રમાણિત નકલ.	૨૬	

૬.<u>સામાવાળા તરફે મૌખિક પુરાવા :–</u>

આંક–૩૦ થી સંજયભાઈ(કુમાર) રમેશભાઈ સોરઠીયાનું પુરાવાનું સોગંદનામું.

૭. <u>સામાવાળા તરફે દસ્તાવેજી પુરાવા:–</u>

સામાવાળા તરફે આંક–૧૮ ના લીસ્ટથી રજુ કરેલ દસ્તાવેજી પુરાવા :

અ.ક.ન.	વિગત	આંક	તારીખ
૧	સંસ્થાનું પગાર પત્રક મુળ પ્રત	૪૪	એપ્રિલ–૧૧ થી માર્ચ–૨૦૧૨
૨	સંસ્થાનું પગાર પત્રક મુળ પ્રત	૪૫	એપ્રિલ–૧૨ થી માર્ચ–૨૦૧૩
૩	લુબોક કાર્બન એલ.એલ.પી.નું બેંક સ્ટેટમેન્ટની નકલ.	૪૬	૧/૩/૧૩ થી ૩૧/૩/૧૩

૮.ઉપરોકત પુરાવો પુરો થયા બાદ અરજદાર તરફે આંક–૩૭ થી લેખિત દલીલો રજુ કરવામાં આવે છે.

લેખિત દલીલો મુજબ જ મૌખિક દલીલો કરેલ છે અને પોતાની દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદા રજુ કરેલ છે.

- **(i) 1995 ACJ page-75 (GH).**
- **(ii) Sona Shah V/s. W.C. Commissioner 1978 ACJ page-377 (GLK)**
- **(iii) Charag Chemical Industries V/s. R.G. Genesan 1981 ACJ page-532.**
- **(iv) 1970 ACJ 440. Chanchalben V/s. Burjorji Dinshawji Sethna.**
- **(v) S.K.Days V/s. H.M. Koriyan 1951 LLJ page-192 (Kolkata)**
- **(vi) 1989 ACJ 498. Divisional Engineer, M.P.Elect. Board & another V/s. Mantobai.**

૯. સામાવાળા તરફે આંક–૪૨ થી લેખિત દલીલ રજુ કરેલ છે અને તે જ પ્રમાણે મૌખિક દલીલ પણ રજુ કરેલ છે. પોતાની દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદા રજુ કરેલ છે.

- **(i) 2007(1) CCC 240 (Chhattisgarh)**
- **(ii) 2004 LLR 991 Delhi Transport Corporation V/s.Shyamlal.**

૧૦. ઉપરોકત મુદ્દા અંગેના નિર્ણય :–

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) મરણ જનારની અકસ્માત સમયની ઉંમર ૪૨ વર્ષ, આવક માસિક રૂા.૮,૦૦૦/–

(૪) વળતરની રકમ રૂા. ૭,૧૩,૯૬૦/– ઉપર વ્યાજ ૧૨% અકસ્માત તારીખથી.

(૫) વળતરની રકમ રૂા.૭,૧૩,૯૬૦/– ઉપર ૨૦% પેનલ્ટી.

(૬) રૂા. ૫૦૦૦/– ફયુનરલ ખર્ચ.

(૭) આખરી હુકમ મુજબ.

૧૧. નિર્ણયના કારણો :–

મુદ્દા નં. ૧ અને ૨ :–

હકીકતોનું પુનરાવર્તન ના થાય તે માટે મુદ્દા નં. ૧ અને ૨ અંગે સંયુકત ચર્ચા કરવામાં આવેલ છે. અરજદારે પોતાની અરજીમાં જણાવેલ છે કે, આ કામે મરણ જનાર શૈલેષ ભાઈએ સામાવાળા નં. ૧ કંપની જયાં મશીન ફીટ કરવાનો કોન્ટ્રાકટ લે તે જગ્યાએ સામાવાળા નં. ૨ ની સુચનાથી ફરજ બજાવવા જતા અને એ રીતે લુબોક કંપનીમાં મશીન ફીટ કરવાનો કોન્ટ્રાકટ લીધેલો તે અન્વયે મરણ જનાર મશીન ફીટ કરવા લુબોક કંપનીમાં ગયેલા અને તેઓએ પોતાની આ રજુઆતના સમર્થનમાં જયપુર મુકામે થયેલ એફ.આઈ.આર.ની નકલ રજુ કરેલ છે.

સામાવાળા તરફે જવાબમાં બચાવ લેવામાં આવેલ છે કે, આ કામમાં મરણ જનાર શૈલેષ ભાઈ સાથે સામાવાળા કંપનીને કામદાર માલિકનો સબંધ ન હતો તે દર્શાવી તેઓએ પગાર પત્રક રજુ કરેલ છે અને જણાવેલ છે કે, આ પગાર પત્રકમાં મરણ જનારનું નામ નથી આથી મરણ જનાર અમારા કામદાર ન હતા પરંતુ તેઓ લુબોક કંપનીના કામદાર હતા અને તે દલીલના સમર્થનમાં લુબોક કંપનીનું બેંક સ્ટેટેમેન્ટ રજુ કરી જણાવેલ છે કે લુબોક કંપનીએ તેઓને વળતર પેટે રકમ ચૂકવી આપેલ છે.

સામાવાળા તરફે **2007(1) CCC 240 (Chhattisgarh)** નો ચુકાદો રજુ કરી દલીલ કરેલ છે કે અરજદાર જે કહેતા હોય તે હકીકત પુરવાર કરવાની જવાબદારી અરજદાર ઉપર છે અને તે માટે સારામાં સારો પુરાવો કે જેનાથી અરજદારની અરજીની હકીકતો માની શકાય તે રજુ કરવાની જવાબદારી અરજદારની છે.

હાલના કેસની હકીકત જોઈએ તો અરજદારે પોતે સોગંદ ઉપર પુરાવો આપેલ છે અને આ કામના મરણજનાર શૈલેષભાઈ જયપુર મુકામે લુબોક કંપનીમાં કામ કરતી વખતે મરણ ગયેલ અને તે બાબતે થયેલ એફ.આઈ.આર.ની નકલ જોતા મશીન ફીટ કરવાનો કોન્ટ્રાકટ ડી.ટી.એસ.કંપની સુરત, ગુજરાતને આપેલ હોવાનું સ્પષ્ટ જણાવેલ છે અને ડી.ટી.એસ.કંપનીના કર્મચારી શ્રી શૈલેષ ભાઈ પટેલની ઉપર લોખંડનો સળિયો પડતા તેઓને બી.ડી.એમ. હોસ્પીટલમાં લઈ ગયેલ અને ત્યાં ડોકટરે મૃત ઘોષિત કરેલ. આમ સામાવાળા તરફે રજુ કરેલ ઉપરોકત ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો સાથે માનસહ સહમત થાઉ છું. અરજદારે પોતાની અરજીના સમર્થનમાં પુરાવો રજુ કરેલ છે કે જેથી તે અરજીની હકીકતો પુરવાર કરી શકાય. આથી ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત હાલના કેસની હકીકતને લાગુ પડી શકે નહી.

વધુમાં સામાવાળાએ પોતાની દલીલોમાં જણાવેલ છે કે અરજદારો પૈકી ફકત મરણ જનારની વિધવા પત્નીએ જ પુરાવો આપેલ છે. મરણજનારના માતા પિતાએ સોગંદ ઉપર કોઈ પુરાવો આપેલ નથી. આ બાબતે જોઈએ તો કોઈપણ એક અરજદાર પણ પુરાવો આપી શકે તમામ અરજદારે સોગંદ ઉપર પુરાવો આપવો જોઈએ એવી કોઈ કાયદાકીય જોગવાઈ નથી.

સામાવાળા તરફે પોતાની દલીલમાં જણાવેલ છે કે આ કામે સામાવાળા કંપની એ ભાગીદારી પેઢી છે અને તેના તમામ ભાગીદારોને આ કામે પક્ષકાર તરીકે જોડેલા નથી.

એ બાબતે જોઈએ તો ભાગીદારી પેઢી વતી કોઈપણ એક ભાગીદાર રજુઆત કરી શકે અને તે તમામ ભાગીદારોને બંધનકર્તા છે સિવાય કે એવા સંજોગો બતાવેલ હોય કે આ ભાગીદારને અન્ય ભાગીદારો વતી રજુઆત કરવાના હકકો નથી.

આમ એફ.આઈ.આર.માં જણાવેલ હકીકત જોતા લુબોક કાર્બન એલ.એલ.પી. કંપનીના મેનેજરે ફરિયાદ આપેલ છે અને તેણે પોતે જણાવેલ છે કે તેઓએ મશીન ફીટ કરવાનો કોન્ટ્રાકટ ડી.ટી.એસ. કંપનીને આપેલ. હવે જો સામાવાળા એમ કહેતા હોય કે, મરણ જનાર શૈલેષભાઈ તેઓના કામદાર નહોતા તો તે હકીકત માનવા યોગ્ય નથી કેમ કે મશીનરી ફીટ કરવાનું કામ આ કામના સામાવાળાને કોન્ટ્રાકટથી આપેલ હતું. તેવી હકીકત એફ.આઈ.આર જોતા સ્પષ્ટ થાય છે. આમ સામાવાળી કંપનીએ જે હાજરી પત્રકો

રજુ કરેલ છે તે એફ.આઈ.આર.ની હકીકત જોતા સામાવાળાની તરફેણમાં ઉપયોગ માં લેવા યોગ્ય જણાતુ નથી.

વધુમાં સામાવાળા જો એમ કહેતા હોય કે મરણ જનાર લુબોક કંપનીના કર્મચારી હતા તો તે હકીકત પુરવાર કરવાની જવાબદારી સામાવાળાની છે. આ કામે સામાવાળા તરફે લુબોક કંપનીના કોઈ અધિકૃત કર્મચારીને સામાવાળાએ સાક્ષી તરીકે તપાસેલ નથી. આમ તમામ સંજોગો જોતા સામાવાળાનો બચાવ માનવા પાત્ર નથી.

સામાવાળા તરફે એવી દલીલ થયેલ છે કે લુબોક કંપનીએ ગુજરનાર શૈલેષભાઈના પત્નીને વળતરની રકમ ચૂકવેલ છે અને અરજદારે પોતાની ઉલટ તપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે અને અરજદારે પોતે ઉલટ તપાસમાં કબુલ રાખેલ હકીકત તે તેઓની સ્વીકૃતી ગણાય અને તે સારામાં સારો પુરાવો તે વ્યકિતની વિરુધ્ધમાં ગણાય અને જણાવેલ છે કે અરજદાર બે જગ્યાએથી વળતર મેળવી શકે નહીં અને અરજદારને લુબોક કંપનીએ વળતરની રકમ ચૂકવેલ હોઈ મરણ જનાર લુબોક કંપનીના કામદાર છે અને પોતાની આ દલીલોના સમર્થનમાં **2004 LLR 991 Delhi Transport Corporation V/s.Shyamlal** નો ચુકાદો રજુ કરેલ છે.

આ બાબતે જોઈએ તો અરજદારે લુબોક કંપનીએ તેઓને રકમ આપેલ હોવાનું કબુલ રાખેલ છે એ બાબત નહીં માનવાને કોઈ કારણ નથી. પરંતુ અરજદાર તરફે **1995 ACJ page-75 (GH)** નો ચુકાદો રજુ કરેલ છે. જે નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આપવામાં આવેલ છે. આ ચુકાદો વંચાણે લેતા કામદારના મૃત્યુ બદલ કમિશ્નર રુબરુ કોઈ રકમ જમા કરાવવામાં આવેલ ન હોય તો તે મૃત્યુ બદલ વળતરની રકમ ચૂકવેલ હોવાનું ગણી શકાય નહીં.

કર્મચારી વળતર અધિનિયમની કલમ–૮ ની જોગવાઈ ધ્યાને લેતા જોઈએ તો

Section-8 prohibits an employer from making any payment of compensation in respect of the death of a workmen directly to his heirs and legal representative for to any them. What the employer has to do his to deposit the amount of compensation with the commissioner for the purpose. It has also been provided therein that any direct payment made contrary to the said statutory provision would not be deemed to be any payment.

આથી નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત તથા કર્મચારી વળતર અધિનિયમની કલમ–૮ ની જોગવાઈ ધ્યાને લેતા સામાવાળા તરફે રજુ કરવામાં આવેલ ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત હાલના કેસની હકીકતને લાગુ પાડી

શકાય નહી અને લુબોક કંપનીએ અરજદારને ચૂકવેલ રકમ વળતરની રકમ ગણી શકાય નહીં અને લુબોક કંપનીએ મરણ જનારની વિધવાને કોઈ રકમ આપી હોય તેટલા માત્રથી મરણ જનાર લુબોક કંપનીનો કર્મચારી હતા તેવો સામાવાળાનો આ બચાવ માનવાપાત્ર નથી.

વધુમાં એલ.એલ.પી. કંપનીએ મરણ જનારની વિધવાને કોઈ રકમ આપી હોય તેટલા માત્રથી એફ.આઈ.આર.ની હકીકતને અવગણીને મરણ જનાર શૈલેષભાઈ સામાવાળા કંપનીના કામદાર નહોતા તેવુ માની શકાય નહીં.

એફ.આઈ.આર.ની નકલ વંચાણે લેતા ડી.ટી.એસ. કંપની તે કોન્ટ્રાકટ લેનાર છે. આ કામના મરણ જનાર શૈલેષભાઈ ડી.ટી.એસ. કંપનીના કામદાર હોવાનું પુરવાર થાય છે. વધુમાં તેઓ ડી.ટી.એસ. કંપનીના કોન્ટ્રાકટના કામે ફરજ ઉપર લુબોક કાર્બન એલ.એલ.પી. કંપનીમાં ગયેલા અને ત્યાં કામ કરતા હતા તે દરમિયાન ઉપરથી લોખંડનો સળિયો પડતા ઈજા થતા મરણ ગયેલ હોવાનું પોલીસ પેપર્સ જોતા સ્પષ્ટ થાય છે. આમ શૈલેષ ભાઈનું મૃત્યુ સામાવાળા નં. ૧ અને ૨ ની ફરજ બજાવતા દરમિયાન થયેલ હોવાનું અને મરણજનાર સામાવાળા નં. ૧ કંપનીના કર્મચારી હોવાનું પુરવાર થાય છે. આથી મુદ્દા નં. ૧ અને ૨નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

મુદ્દા નં. ૩ : –

મરણ જનાર શૈલેષભાઈની ઉંમર બાબતે કોઈ દસ્તાવેજી આધાર રજુ નથી પરંતુ પોસ્ટ મોર્ટમના રીપોર્ટમાં તેમની ઉંમર–૩૬ વર્ષ બતાવેલી છે અને ઈન્કવેસ્ટ રીપોર્ટમાં તેમની ઉંમર–૪૨ વર્ષ બતાવેલી છે. અરજદારે પોતાની અરજીમાં ગુજરનારની ઉંમર–૪૧ વર્ષ બતાવેલ છે. આમ આ ઉંમર ડોકટરે જણાવેલી ઉંમર કરતા વધુ હોવાથી ઈન્કવેસ્ટ રીપોર્ટમાં જણાવેલી તેમની ઉંમર–૪૨ ગણવામાં આવે તો યોગ્ય ગણાશે. આથી મરણ જનારની અકસ્માત સમયે ઉંમર ૪૨ વર્ષ હોવાનું ઠરાવવામાં આવે છે.

મરણ જનારનો પગાર માસિક રૂા.૩૦,૦૦૦/– હતો તેવુ અરજદારે પોતાની અરજીમાં જણાવેલ છે. પગાર બાબતે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ નથી. અકસ્માત સને–૨૦૧૩ માં થયેલ છે. શ્રમ અને રોજગાર મંત્રાલયનું તા.૧/૦૬/૨૦૧૦ ના રોજનું નોટીફીકેશન ધ્યાને લઈ મરણ જનારનો માસિક પગાર રૂા.૮,૦૦૦/– ઠરાવવામાં આવે છે.

<u>મુદ્દા નં. ૪ :–</u>

આ કામે મરણ જનાર સામાવાળા કંપનીના કામદાર હોવાનું અને સામાવાળાની ફરજ બજાવતા દરમિયાન અકસ્માત થયેલ હોવાનું પુરવાર થાય છે આથી વળતર ચૂકવવાની જવાબદારી સામાવાળાની થાય છે.

વધુમાં અરજદાર તરફે **1989 ACJ 498. Divisional Engineer, M.P.Elect. Board & another V/s. Mantobai**. નો ચૂકાદો રજુ કરેલ છે. તે ચૂકાદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા અન્ય કોઈ રીતે કર્મચારીના વારસદારોને કે આશ્રીતોને રકમ ચૂકવવામાં આવી હોય તો તે કર્મચારી વળતર હેઠળની ચૂકવવા પાત્ર થતી વળતરની રકમમાંથી મજરે આપી શકાય નહીં. કર્મચારી વળતર અધિનિયમની જોગવાઈ જોતા મરણ જનારની ઉંમર અકસ્માત સમયે ૪૨ વર્ષની અને માસિક આવક રૂા.૮,૦૦૦/– ગણતા કર્મચારી વળતર અધિનિયમની કલમ–૪ મુજબ મૃત્યુના કિસ્સામાં આવકના ૫૦% લેખે રૂા. ૪,૦૦૦/– અને અનુસુચિ–૪, કલમ–૪ મુજબ ૪૨ વર્ષની ઉંમરે ફેકટર – ૧૭૮.૪૯ ગુણતા રૂા.૭,૧૩,૯૬૦/– વળતરની રકમ થાય. કામદાર વળતર અધિનિયમ–૪(એ) વંચાણે લેતા ૧૨% લેખે અકસ્માત તારીખથી વ્યાજ સાથે વળતરની રકમ ચૂકવવા આ કામના સામાવાળા જવાબદાર થાય છે.

<u>મુદ્દા નં. ૫ :–</u>

સદર કામે અકસ્માતની જાણ થાય કે તરત સામાવાળા પોતાની ગણતરી મુજબ યોગ્ય સમજે તે રકમ કર્મચારી વળતર અધિનિયમની જોગવાઈ મુજબ જમા કરાવવી જોઈએ. જો તે જમા ન કરાવે તો ૫૦% સુધીની પેનલ્ટી ચૂકવવા જવાબદાર થાય છે. આ કિસ્સામાં જે જગ્યાએ બનાવ બન્યો તે કંપની એટલેકે લુબોક કંપનીએ જે તે સમયે રકમ ચૂકવેલ છે પરંતુ મરણ જનારના માલિક એટલેકે આ કામના સામાવાળાએ કોઈ રકમ કર્મચારી વળતર ધારા હેઠળ જમા કરાવેલ નથી. આથી ૨૦% પેનલ્ટી વળતરની રકમ ઉપર ચૂકવવા સામાવાળાને જવાબદાર ઠરાવવામાં આવે છે.

<u>મુદ્દા નં. ૬:–</u>

આ કામના સામાવાળાની ફરજ બજાવતા દરમિયાન તેઓના કામદાર શૈલેષભાઈનું મૃત્યુ નિપજેલ તે હકીકત એફ.આઈ.આર. તથા ઈન્કવેસ્ટ પંચનામું તથા પોસ્ટ મોર્ટમ રીપોર્ટ જોતા સ્પષ્ટ થાય છે અને ઉપરોકત ચર્ચા કરી તે મુજબ મુદ્દા નં. ૧ અને ૨ નો જવાબ

ઠકારમાં આપેલ છે. આથી આ કામના સામાવાળા ફ્યુનરલ ખર્ચની રકમ રૂા.૫,૦૦૦/– ચૂકવવા જવાબદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

મુદ્દા નં. ૭ :–

ઉપરોકત પુરાવા તથા ચર્ચાને ધ્યાને લઈ આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

:: હુકમ ::

(૧) અરજદારની વ.કો.ફેટલ અરજી નં.૧૧/૨૦૧૩ અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના સામાવાળાઓ વળતરની રકમ રૂા.૭,૧૩,૯૬૦/– આ કામના અરજદારોને ચુકવી આપે તેવો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના સામાવાળાઓ વળતરની રકમ રૂા.૭,૧૩,૯૬૦/– ઉપર અકસ્માત તારીખથી ૧૨% વ્યાજ અરજદારને ચૂકવી આપે તેવો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના સામાવાળાઓ વળતરની રકમ રૂા.૭,૧૩,૯૬૦/–ઉપર ૨૦%પેનલ્ટી ની રકમ અરજદારોને ચૂકવી આપે તેવો હુકમ કરવામાં આવે છે.

(૫) આ કામના સામાવાળાઓ ફ્યુનરલ ખર્ચના રૂા.૫,૦૦૦/– અરજદારો ને ચૂકવી આપે તેવો હુકમ કરવામાં આવે છે.

(૬) આ કામના સામાવાળાઓ અરજી ખર્ચના રૂા.૧૦૦૦/–અરજદારો ને ચૂકવી આપે તેવો હુકમ કરવામાં આવે છે.

(૭) આ હુકમ મળ્યેથી દિન–૩૦ માં સામાવાળાઓ એ હુકમનો અમલ કરવો.

આજરોજ તા. ૨૧ માહે.ઓકટોબર સને.૨૦૨૨ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૧/૧૦/૨૦૨૨

સુરત. (Ms. Patel Parshavika Madhusudanbhai)

Commissioner, W.C. Act,

LabourCourt,Surat.

GJ-01276